સેટીંગવાળા ઉમેદવારો માટે ચંપાવતનો કોડ-'B'

ઓએમઆર સીટની જમણી બાજુ 'B'માર્ક કરવા કહેવાયું હતું : B માર્કનો અર્થ 'BJP?'

ગાંધીનગર, તા. ૨૦

કલ્યાણસિંહ ચંપાવતની ઊંડી પુછતાછમાં બહાર આવ્યું છે કે તેણે જેટલા તલાટી ઉમેદવારો પાસેથી રૂ. ૧૦ લાખ લઈને સેટીંગ કરી લીધુ હતુ તે તમામ ઉમેદવારોને કોર્ડ-B આપ્યો હતો. જવાબદારીની જમણી બાજુના ખુણે B-માર્ક કરવા ચંપાવતે સેટીંગવાળા ઉમેદવારોને કહ્યું હતું કે પોલીસે આ B-માર્ક પર તપાસનો દોર શરૂ કર્યો છે.

ચંપાવતની ઝીણવટભરી તપાસમાં ચોંકાવનારી વિગતો બહાર આવવા પામી છે. ચંપાવતે તલાટીના ઉમેદવારો પાસેથી રૂ. ૧૦ લાખ લીધા બાદ તે સેટીંગવાળા તમામ ઉમેદવારોને એક સાઈન આપી દીધી હતી. પોતાની જવાબવહી (ઓએમઆરસીટ) પર જમણી બાજુના ખૂણા પર B- માર્ક કરવા કહી દેવામાં આવ્યું હતું. ચંપાવતનો કોર્ડ -B પણ સૂચક છે. ભાજપ (BJP) નો 'B'- કોર્ડ રાખવામાં આવ્યો હતો કે શું ? તે પણ એક તપાસનો વિષય છે. જો કે ચંપાવતના કોડ-B એ અનેક ચર્ચાઓ જગાવી છે. નોંધનીય બાબત છે કે જે તલાટીના ઉમેદવારોએ પરીક્ષા આપી અને ઓએમઆર સીટ સબમીટ કરાવી દેવામાં આવી છે તે તમામ સીટ ચકાસીને તેમાં આવા B માર્કના કેટલા ઉમેદવારો છે તેની પણ તપાસ થવી જોઈએ..!

B-માર્ક વાળી કેટલી OMR સીટ છે તેની માહિતી પોલીસે માંગી

પેપર ચેકીંગની કામગીરી ચાલુ હોવાથી હાલ માહિતી આપવાનો તલાટી ભરતી બોર્ડે ઈન્કાર કર્યો

ચંપાવતે ઘરસ્ટોફ કર્યો છે કે સેટીંગવાળા ઉમેદવારોને તેણે સાઈન આપી હતી. OMR સીટમાં જમણી બાજુ B માર્ક કરવાની આપવામાં આવેલી સાઈનને પગલે એલસીબી પોલીસે તલાટી ભરતી બોર્ડ પાસેથી B માર્ક વાળી સબમીટ થયેલી કેટલી OMR સીટ આવેલી છે તેની માહિતી માંગી છે.

જો કે ભરતી બોર્ડે સાડા છ લાખ ઉમેદવારોના OMR પેપર ચેકીંગની કામગીરી હાલ ચાલી રહી હોવાથી હાલ માહિતી આપી શકે તેમ નથી તેવો જવાબ આપ્યો છે. B માર્ક વાળી કેટલી OMR સીટ છે તેની વિગતો બોર્ડ મોકલાવે તો પણ કેટલા ઉમેદવારો સેટીંગમાં મોકલવામાં આવ્યા હતા તે બહાર આવી શકે તેમ છે.

ગાંધીનગર-વાવોલ રોડ પર વાવોલ નજીક મ્યુનિસિપલ કોર્પોરેશનનું રોડ સ્વીપર મશીન રસ્તાની બાજુમાં ઉતરી ગયું હતું. અડધુ ટાયર ખાડામાં ઘુસી જતા એક કલાકે ફસાયેલુ મશીન બહાર નિકળ્યું હતું. સદભાગ્યે આ અકસ્માતમાં કોઈને ઈજાઓ પણ થવા પામી નથી. રોડ સ્વીપર મશીન રસ્તાની સાફસફાઈ કરવા નીકળ્યુ હતુ ત્યારે અકસ્માત સર્જાયો હતો.

પાણી-ગટર વેરાના બિલ તૈયાર

વેરો વસુલવા તંત્ર કડક બનશે

ગાંધીનગર, તા.૨૦

વર્ષ ૨૦૧૪-૧૫ના એડવાન્સ પાણી ગટર વેરાની વસુલાત અન્વયે બે દિવસમાં બિલ વિતરણની કાર્યવાહી શરુ કરી દેવાશે. જૂના અને નવા સેકટરોના ૨૬ હજાર જોડાણકર્તાઓ પાસેથી અંદાજિત સવા બે કરોડનો વેરો વસુલવામાં આવશે. અગાઉની બાકી વસુલાત રીકવર પણ કરવામાં આવશે.

પાણી-ગટર વેરાની એડવાન્સ વસુલાતને અનુલક્ષી તંત્ર દ્વારા પૂર્વ તૈયારીઓ કરી દેવાઈ છે. પાણી-ગટર-વેરો વસુલવા ખાનગી એજન્સી દ્વારા બિલ તૈયાર કરી દેવાયા છે. જયારે આગામી બે દિવસમાં સેકટરોમાં વેરાના બિલનું વિતરણ પણ શરુ કરી દેવાશે. જૂના અને નવા સેકટરો સહીત શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામો તેમજ જીઆઈડીસી વિસ્તારમાંથી પણ વેરાની વસુલાત કરવામાં આવશે. અંદાજિત ૨૬ હજાર બાકીદારો પાસેથી એડવાન્સ વેરો વસુલવા તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા મુજબ આગામી મહીનાથી વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરવામાં આવશે. જયારે અગાઉ જૂના બાકી માંગણા સંદર્ભે પણ રીકરવરી કરવામાં આવશે. પાણી-ગટર વેરા અન્વયે તંત્રના ચોપડે બાકીદારોની યાદી મોટી છે. વર્ષો જૂના માગણાંને વસુલવા અગાઉ તંત્ર દ્વારા પાવડા-કોદાળી સાથે જોડાણ કટ ઓફ કરવા સુધીના પગલા લેવાની તૈયારી દર્શાવાતા અંદાજિત રૂ. ૧૦ લાખથી વધુ રકમની જૂની વસુલાત રીકવર કરવામાં આવી હતી. જો કે આ મામલે તંત્રએ હવે વધુ કડક વલણ અપનાવ્યું છે. વેરો નહીં ચુકવવાના કિસ્સામાં જોડાણ કાપવા સહીતના આકરા પગલા લેવાય તેવી પણ સંભાવના છે.

સેંટ ઝેવિયર્સ સ્કૂલનો વાર્ષિકોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨૦

શહેરના સેકટર-૮માં આવેલી સેંટ ઝેવિયર્સ સ્કૂલનો ૪૪મો વાર્ષિકોત્સવ આવતી કાલ તા. ૨૨મી ફેબ્રુઆરી ૨૦૧૪ ને શનિવારના રોજ સવારે ૯ કલાકે ટાઉનહોલ સે-૧૭ ખાતે યોજાશે.

સેંટ ઝેવિયર્સ સ્કૂલના આ વાર્ષિકોત્સવમાં ઈન્ડીયન એર ફોર્સના એર વાઈસ માર્શલ ટી.ડી. જોસેફ ખાસ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ પ્રાર્થના, સ્વાગત કાર્યક્રમ રીચ ઓફ નેશન, ગોલ્ડન લેન્ડ, મેઈટી ડાન્સ વગેરે રજુ કરશે. ઉપરાંત વિદ્યાર્થીઓને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવશે. આ સમગ્ર વાર્ષિકોત્સવ નિવૃત્ત થઈ રહેલા નિર્મલકાંતા આઝાદ, રમેશભાઈ ક્રિશ્ચન અને તેજલ બુચને સમર્પિત કરવામાં આવશે.

વણકર સમાજની સામાન્ય સભા

ગાંધીનગર, તા.૨૦

શ્રી ગાંધીનગર વણકર સમાજ, ગાંધીનગરની સામાન્ય સભા તા.૨૨ ફેબ્રુઆરી શનિવાર સવારે ૯-૦૦ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન સેકટર-૧૨ ગાંધીનગર ખાતે યોજવામાં આવશે. સામાન્ય સભામાં સર્વે સભાસદોએ હાજર રહેવા મહામંત્રીએ જણાવ્યું છે.

ચંપાવતના તલાટી કૌભાંડની તપાસ

સીબીઆઈને સોંપવા કોંગ્રેસનું આવેદનપત્ર

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મુકેશ પટેલના અધ્યક્ષસ્થાને કલેક્ટર ગાંધીનગરને ભાજપ સરકારના ભ્રષ્ટાચારી મળતીયાઓ દ્વારા થયેલ કૌભાંડની સી.બી.આઈ. તપાસ કરવા બાબતે આવેદનપત્ર આપવામાં આવ્યું છે. ગુજરાત સરકાર દ્વારા તલાટીઓની ભરતી માટેની જાહેરાતના અનુસંધાને એક તલાટીની જગ્યા માટે રૂપિયા દસ લાખ જેટલી માતબર રકમ ઉગરાવી ડૉ. કલ્યાણસિંહે ભાજપના ધનલક્ષ્મી સંચયમાં એક ભાગ હોવાનું જણાવ્યું. ભાજપના મોદીને વડાપ્રધાન બનાવવા પરીક્ષાઓની સમિતિઓ દ્વારા ભરતીમાં ઉમેદવારો પાસેથી પૈસા ઉઘરાવી ભ્રષ્ટાચાર આચરેલ છે. આ બાબતે સત્વરે સી.બી.આઈ. તપાસ કરવા કલેક્ટરને આવેદનપત્ર આપી અનુરોધ કર્યો હતો. જેમાં ચિમનભાઈ વિંઝુડા, પ્રવિણભાઈ પટેલ, કે.પી. સોલંકી, જીતુભાઈ રાયકા, જયદિપસિંહ ઠાકોર, મગનભાઈ પરમાર, મિતુલ જોષી, રજનીકાન્ત પટેલ, અંકિત બારોટ, હર્ષજીત પંડ્યા તથા કોંગ્રેસના કાર્યકરો હાજર રહ્યા હતા.

એક લાખ આપીને કરોડોની જમીન

હડપ કરવાનો કારસો રચાયો

જમીન દલાલોએ નવા કોબા ગામના ખેડૂત સાથે છેતરપીંડી કરી : સીટના આદેશથી છ સામે ગુનો દાખલ

ગાંધીનગર નજીક નવા કોબા ગામમાં રહેતા ખેડૂતની સાડા છ વિઘા જમીન ખરીદવા ત્રણ અજાણ્યા શેઠને લઈને આવેલા બે દલાલોએ બાનાખત કરાવી એક લાખ રોકડા આપ્યા અને બીજા પાંચ લાખનો ચેક બનાવી તેને આપ્યા વગર નીકળી ગયા. ત્યાર બાદ ચેક આપી જવાની ટેલીફોન પર બાંહેધરી આપીને થોડા સમયમાં ખોટો બાનાખત બનાવી દઈ માત્ર પાંચ લાખ આપવાના બાકી હોવા છતા ખેડૂત દસ્તાવેજ નથી કરી દેતા તેવી કોર્ટમાંથી નોટીસ મોકલાવી હતી. સમગ્ર મામલો સીટમાં પહોંચ્યો હતો. સીટના આદેશથી અડાલજ પોલીસે દલાલો સહીત છ સામે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

નવા કોબા ગામના ભરતભાઈ કચરાભાઈ પટેલે તેમની કરોડોની સાડા છ વિઘા જમીન વેચવાની તૈયારી દર્શાવતા ગીરીરાજ પરમાર અને જગત ચૌહાણ નામના બે દલાલો ત્રણ અન્ય અજાણ્યા શેઠને લઈને ૧૦ સપ્ટેમ્બર ૨૦૧૩ એ ભરતભાઈ પાસે લઈને આવ્યા હતા. જમીનનો સોદો નક્કી થયો અને બાના પેટે ૬ લાખ નક્કી કર્યા. એક લાખ રોકડા આપ્યા અને પાંચ લાખનો ચેક બનાવીને આપ્યો. ભરતભાઈ એક લાખ ગણવા રહ્યા ત્યાં પાંચ લાખનો ચેક દલાલોએ પરત ખિસ્સામાં સરકાવીને મુકી દીધોહતો. ભરતભાઈએ છુટા પડ્યા બાદ દલાલોને ચેક અંગે ફોન કર્યો તો દલાલોએ કહ્યું કે શરતચુકથી રહી ગયો છે. કાલે આપી જઈશુ. બે દિવસ પછી ભરતભાઈ પાસે બન્ને ગયા અને ૫૦-૫૦હજારના ચાર ચેક આપ્યા. બાકીના બે-ચાર દિવસમાં આપી જઈશુ અત્યારે ખાતામાં બેલેન્સ નથી તેમ કહીને નીકળી ગયા હતા. ભરતભાઈનું ધ્યાન ગયું કે ચેક વિષ્ણુ નાગજી દેસાઈ નામની વ્યક્તિનો છે. જયારે જમીન ખરીદનાર કોઈ દેસાઈ ન હતુ. ચેક જમા ન કરાવ્યો. થોડા સમય બાદ એક કોર્ટની નોટીસ ભરતભાઈને મળી તેમા લખ્યુ હતુ કે બાકી રેખલા પાંચ લાખ રૂપિયા લઈને દસ્તાવેજ કરી જતા નથી. જે બાનાખતમાં ભરતભાઈની સહી પાછળના પાને કરાવી હતી. તેના આગળના બધાજ પાના ફેરવી નાંખ્યા અને નવો બાનાખત બનાવટી દસ્તાવેજ તૈયાર કરી કરોડોની જમીન હડપ કરવાનો પ્રયત્ન કર્યો હતો. આ મામલે ખેડૂત ભરતભાઈએ સીટમાં ફરીયાદ કરી હતી. સીટે આદેશ કરતાં અડાલજ પોલીસે છ શખ્સો સામે ગુનો દાખલ કરી પીએસઆઈ રાણાવતે વધુ તપાસ શરૂ કરી છે.

સે. ૨૯ જલારામ મંદિરમાં શિવરાત્રીના દિવસે ધાર્મિક કાર્યક્રમનું આયોજન

આગામી મહાશિવરાત્રીના પર્વે જલારામ મંદિર, સેક્ટર-૨૯ ખાતે શ્રી રામેશ્વર મહાદેવની નિશ્રામાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવશે.

નગરના સેક્ટર-૯માં આવેલ જલારામ મંદિર ખાતે વાર તહેવારો અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરે છે. આગામી તા. ૨૭ ફેબ્રુઆરીએ શિવરાત્રીના ધાર્મિક તહેવારે રામેશ્વર મહાદેવની નિશ્રામાં કાર્યક્રમો યોજવામાં આવશે. સવારે ૭.૦૦ કલાકે મૂર્તિદાતાના હસ્તે શિવપૂજા કરવામાં આવશે. તેમજ સાંજના ૫.૦૦ કલાક સુધી શિવજીને બીલીપત્રનો અભિષેક કરવામાં આવશે. ધજાયાત્રા બપોરે સેવંતીલાલ ઠક્કરના નિવાસસ્થાન પ્લોટ નં. ૨૩૨-એ, ઘ-૬ કોર્નર સેક્ટર-૨૮ ખાતેથી જલારામ મંદિર સે. ૨૯ ખાતે પહોંચી ધ્વજારોહણ અને આરતી કરવામાં આવશે. ભક્તિમય કાર્યક્રમમાં ભાવિભક્તોને લાભ લેવો.

ગાંધીનગર ખાતે પાણી બચાવો જાગૃતિ અર્થે યોજાયેલ રેલી

ગાંધીનગર, તા. ૨૦

રાષ્ટ્રીય ગ્રામણી પેયજળ અને વાસ્મો દ્વારા આજરોજ પાણી બચાવોની જાગૃતિ અર્થે રેલીનું આયોજન સેકટર-૬ના મેદાન, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. પાણી બચાવો જાગૃતિ રેલીને પાણી પુરવઠા અને જળ સંપત્તિ મંત્રી શ્રી બાબુભાઈ બોખીરીયાએ લીલી ઝંડી બતાવી -સ્થાન કરાવ્યું હતું. આ રેલી પાણી બચાવોના નારા અને બેનર લઈ સેકટર-૬ના મેદાન, ઘ-૩, ગ-૩ થઈ ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ સેકટર- ૧૨ પહોંચી હતી. ત્યાં રાજય કક્ષાની પાણી બચાવો કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

રેલીને -સ્થાન કરાવતા પહેલા પાણી પુરવઠા અને જળ સંપત્તિ મંત્રી શ્રી બાબુભાઈ બોખીરીયાએ જણાવ્યું હતું કે, આપણને કુદરતે પાણી અને હવાની અણમોલ ભેટ આપી છે. કુદરત આ બદલ આપણી પાસેથી કોઈ ચાર્જ લેતી નથી. જેથી તેનું આપણને મૂલ્ય સમજાતું નથી. ઈશ્વર સમયસર શુદ્ધ પાણી આપણને વરસાદના રૂપમાં આપે છે, પણ આપણે તેનો બિન જરૂરી બગાડ અને દૂષિત કરીએ છીએ. દૂષિત થયેલ પાણીનો ઉપયોગ ખેતી અને અન્ય ક્ષેત્રે કરવાથી અનાજ તથા અન્ય ખાધ પદાર્થો પર તેની અસર જોવા મળે છે. આવા પદાર્થને આરોગવાથી સ્વાસ્થ્યની તકલીફો ઉભી થાય છે.

વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આજથી થોડાક જ વર્ષો અગાઉ આપણી પેઢી કુદરતી સંપત્તિની જાળવણીનું મૂલ્ય સમજતી હતી. જેના લાભ આપણને મળી રહયા છે. પરંતુ થોડાક વર્ષોથી આપણે કુદરતી સંપત્તિ હવા, પાણી અને અન્ય તત્વોની જાળવણી કરતા નથી. આ વાત સમગ્ર માનવજાત માટે ગંભીર છે. જેના પરિણામોનો અહેસાસ આપણે કરી રહ્યા છીએ. આજે આ અંગે આપણે જાગૃત નહી થઈએ તો તેના માઢા પરિણામો આપણી ભાવિ પેઢીને ભોગવવા પડશે. આવું થતું અટકાવવા માટે સૌને કુદરતી સંપત્તિની જાળવણી કરવાના અભિયાનમાં જોડાવવા આહૂવાન કર્યું હતું.

સેકટર-૬ના મેદાન ખાતેથી -સ્થાન થયેલ રેલી સેકટર-૧૨માં આબેડકર હોલ ખાતે પહોંચી હતી. તે પછી ત્યાં રાજય કક્ષાની પાણી બચાવો અંગેની કાર્યશાળા યોજાઈ હતી. કાર્યશાળામાં રાજયના વિવિધ વિસ્તારોથી લોકો ઉપસ્થિત રહયાં હતા.

આ -સંગે ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, પાણી પુરવઠાના સભ્ય સચિવ શ્રી મહેશસિંહજી, વાસ્મોના -ોજેકટ ડાયરેકટર શ્રી -દિપસિંહજી, યુનિસેફ, ગાંધીનગરના વડા શ્રી મનિષજી, જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાન સહિત અનેક મહાનુભાવો અને નગરજનો મોટી સંખ્યામાં રેલીમાં જોડાયા હતા.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૯
સૂર્યાસ્ત : ૬.૩૭

તાપમાન

મહત્તમ : ૩૧.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૪.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૧ ટકા ● સાંજે ૩૧ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ગુંડે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ગુંડે: ૯.૦૦, ૧૨.૦૦, ૩.૧૦, ૬.૨૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
રોબોકોપ (હિન્દી) : ૯.૦૦, ૨.૩૦, ૧૧.૦૦
ગુંડે : ૧૧.૩૦, ૫.૦૦, ૮.૦૦
: સ્ક્રીન-૪ :
હસી તો ફસી : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૯.૩૦
રોબોકોપ (હિન્દી) : ૭.૦૦

આર વર્ડ

: સ્ક્રીન-૧ :
ગુંડે : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
હસીના માન જાયેગી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
જય હો : ૬.૪૫
: સ્ક્રીન-૩ :
ગુંડે : ૧૦.૧૫, ૧.૧૫, ૬.૧૫, ૯.૧૫

સૂર્યા, વાવોલ

ગુંડે : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
હસી તો ફસી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હાઈવે : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ગુંડે : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
ડર ધી મોલ : ૧.૧૫, ૭.૧૫
: સ્ક્રીન-૩ :
ડર ધી મેલ : ૧૦.૦૦, ૭.૧૫
ગુંડે : ૧.૦૦, ૭.૦૦
સેટરડે નાઈટ : ૪.૦૦

વિરાગ સિનેમા(કલોલ)

ગુંડે :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે.વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

વૃષભ : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું.

મિથુન : દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

કર્ક : મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપાર માં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

સિંહ : વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

કન્યા : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

તુલા : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

વૃશ્ચિક : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

ધન : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

મકર : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરશો.

કુંભ : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

મીન : સામાજિક ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

ચિરવિદાય

- સ્વ. કુસુમબેન ચંદુલાલ મહેતા(ઉ.વ. ૮૮) પ્લોટ નં. ૫૯૩/૧, સેક્ટર-૭બી, ગાંધીનગર.
- સ્વ. મુકેશજી તખાજી ઠાકોર (ઉ.વ. ૩૫) મુ.પો. શિહોલી મોટી, તા. જિ. ગાંધીનગર.